**પ્રાથમિક શાળાઓમાં ખાલી જગ્યાઓ ભરવા**
**વિદ્યા સહાયક યોજના અન્વયે પ્રતિક્ષા યાદીના**
**અમલ બાબત.**

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:પીઆરઇ/૧૦૯૬/૩૦૫૦/ક,
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૧૯/૯/૨૦૦૭

**સંદર્ભ :**

(૧) શિક્ષણ વિભાગનો તા. ૧૧/૬/૯૮ નો ઠરાવ ક્રમાંક:પીઆરઇ/૧૦૯૬/૩૦૫૦/૧૦૨૭(૯૮)/ક
(૨) શિક્ષણ વિભાગનો તા. ૩૧/૮/૯૮ નો ઠરાવ ક્રમાંક:પીઆરઇ/૧૩૯૮/સીસી-૨૯૪/ક
(૩) સ્પે.સી.એ.નં. ૨૨૮૫૬/૨૦૦૫ તથા અન્ય પીટીશનો માં નામ. હાઇકોર્ટનો તા. ૨૮/૧૧/૨૦૦૫ નો ચુકાદો તથા સ્પે.સી.એ.નં. ૨૪૮૬૨/૨૦૦૫ તથા અન્ય પીટીશનોમાં તા. ૨૮/૧૨/૨૦૦૫ નો ચુકાદો

**ઠ રા વ :-**

સંદર્ભ (૧) માં જણાવેલ ઠરાવથી જિલ્લા પંચાયતો, અધિકૃત નગરપાલિકાઓ, મહા નગરપાલિકાઓની પ્રાથમિક શાળામાં વિદ્યાસહાયકની ભરતી કરવાની યોજના અમલમાં મૂકી છે. સંદર્ભ (૨) માં જણાવેલ ઠરાવથી પ્રતિક્ષા યાદીની જોગવાઇ કરવામાં આવેલી છે. સંદર્ભ (૩) માં જણાવેલ નામ. વડી અદાલતના ચુકાદાના પરિપ્રેક્ષમાં સંદર્ભ (૨) ના ઠરાવના ફકરા ક્રમાંક (૭) રદ કરી નીચે પ્રમાણેનો ફકરા ક્રમાંક: (૭) ઉમેરવામાં આવે છે.

(૭) (ક) પ્રતિક્ષાયાદીનું કદ સબંધિત પસંદગી યાદીના ૨૦ ટકા પુરતું મર્યાદિત રાખવાનું રહેશે.

(ખ) પ્રતિક્ષાયાદીની મુદ્દત : પ્રતિક્ષાયાદી પસંદગીયાદી તૈયાર થયા તારીખથી એક વર્ષ અથવા પછીની ભરતી પ્રક્રિયાના આધારે જે તારીખે નવી પસંદગી યાદી તૈયાર થાય તે તારીખના આગળના દિવસના કચેરી સમય એ બે માંથી જે વહેલું હોય ત્યાં સુધી અમલમાં રહેશે. આ સમય-મર્યાદા પૂર્ણ થતાં તે આપોઆપ રદ થયેલ ગણાશે.

(ગ) પ્રતિક્ષાયાદીનો ઉપયોગ નીચેના સંજોગોમાં કરવાનો રહેશે.

(I) સંબંધિત પ્રતિક્ષાયાદીમાંથી નિમણૂંક આપેલ ઉમેદવાર હાજર ન થાય અને જગ્યા ખાલી પડે

(II) સંબંધિત પસંદગી યાદીમાંનો ઉમેદવાર નિયત લાયકાત ( શૈક્ષણિક / ઉંમર વિષયક / મેડીકલ ફીટનેશ /અન્ય) ધરાવતા નથી તેવું પુરવાર થતાં તેની નિમણૂંક રદ થવાથી જગ્યા ખાલી પડે / રહે.

(III) સંબંધિત પસંદગી યાદીમાંથી નિમણૂંક આપેલ ઉમેદવાર હાજર થયા પછી રાજીનામું આપે તે કારણથી જગ્યા ખાલી પડે.

૨. આ હુકમો સમાન ક્રમાંકની ફાઇલ ઉપર સામાન્ય વહીવટ વિભાગની તા. ૨૫/૬/૨૦૦૭ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પોપટસિંહ વાઘેલા )
ઉપસચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક. મંત્રીશ્રી (પ્રા.શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી (ક.ગ.) સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલ- અમદાવાદ - રાજકોટ
- વિકાસ કમિશ્નરશ્રી ગુજરાત રાજય, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ ગુજરાત રાજય, ગાંધીનગર
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, (પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી મારફત)
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, (પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી મારફત)
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી મારફત)
- શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગરપાલિકા (પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી મારફત)
- નિયામકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજય, ગાંધીનગર
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર
- માહિતી નિયામક, ગુજરાત રાજય ગાંધીનગર તરફ રાજયના અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિધ્ધિ અથે.
- સામાન્ય વહીવટ વિભાગ/ગ-૨, શાખા, સચિવાલય, ગાંધીનગર
- પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ/ખ-શાખા, સચિવાલય, ગાંધીનગર
- શિક્ષણ વિભાગની સર્વે શાખા
- સિલકેટ ફાઇલ.